# મોખરાના ગોલ્ફર્સ વચ્ચે ગુજરાતમાં જંગ

## ■ ૩૧મીથી ગુજરાત કેન્સવિલ ચેલેન્જ ગોલ્ફ ટૂર્નામેન્ટ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતમાં વધુ એક આંતરરાષ્ટ્રીય ગોલ્ફ ટુર્નામેન્ટ યોજાવવા જઈ રહી છે. ગુજરાત કેન્સવિલ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે ૩૧ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરી દરમિયાન ગુજરાત કેન્સવિલ ચેલેન્જ ૨૦૧૩ અને યુરોપિયન ચેલેન્જ ટૂર રમાશે. સતત ત્રીજી વખત આ ટૂર્નામેન્ટ કેન્સવિલ ગોલ્ફ ક્લબ ખાતે યોજાશે. રિલાયન્સ ગ્રૂપ પ્રેસિડેન્ટ પરિમલ નથવાણી દ્વારા ટૂર્નામેન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. કેન્સવિલે ખાતે યોજાનારી યુરોપિયન ચેલેન્જ ટૂરમાં ૩૫ દેશોના ૧૨૦ ગોલ્ફરો ભાગ લેશે. જેમાં પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા (પીજીટીઆઈ)ના ૫૭ અને યુરોપિયન ચેલેન્જ ટૂરના ૬૩ ગોલ્ફરો ભાગ લેશે. યુરોપિયન ચેલેન્જ ટૂરમાં ૨૦૦૨માં યુએસ પીજીએ ચેમ્પિયનશિપમાં ચેમ્પિયન બનેલો અમેરિકાનો રિચ બિમ, ઈંગ્લેન્ડનો ઓલિવર વિલ્સન, ૨૦૧૧માં યુરોપિયન ચેલેન્જ ટૂરમાં ચેમ્પિયન બનેલ ગગનજિત ભુલ્લર, રાહિલ ગંગજી, હિમ્મત રાય,




ચિરાગકુમાર, ગૌરવ ઘાઈ, દિગ્વિજયસિંહ અને સુજનસિંહ જેવા સ્ટાર પ્લેયરો ભાગ લેશે. ભારતનો ટોચનો ગોલ્ફર અને કેન્સવિલ ગોલ્ફ કોર્સનો બ્રાન્ડ એમ્બેસેડર જીવ મિલ્ખાસિંહ ઉપસ્થિત રહી શકશે નહીં. અમદાવાદ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં સમીર સિન્હા, જક્ષય શાહ અને જિગીશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. મેનેજિંગ ડિરેક્ટર સમીર સિન્હાએ જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં ગોલ્ફનો ઘણો વિકાસ થઈ રહ્યો છે. દિલ્હી બાદ ગુજરાતમાં ગોલ્ફરની સંખ્યા સૌથી વધારે છે. સતત ત્રીજી વખત યુરોપિયન ચેલેન્જ ટૂર કેન્સવિલે ખાતે રમાવાની હોવાથી ગુજરાત માટે ગૌરવની વાત છે.'

## સચિન તેંડુલકર ત્રીજી ફેબ્રુઆરીએ આવશે

**સચિન તેંડુલકર** ૩ ફેબ્રુઆરીએ યુરોપિયન ચેલેન્જ ટૂરના અંતિમ દિવસે ગુજરાત કેન્સવિલ ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે હાજર રહેશે. આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલા ગોલ્ફરને સચિનના હાથે ટ્રોફી અપાશે. સચિન આ પહેલાં ૩૦ જાન્યુઆરીના રોજ આ પ્રતિષ્ઠિત ઇવેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઉપસ્થિત રહેવાનો હતો. જોકે સચિન હાલ મુંબઈની રણજી ટીમમાં રમી રહ્યો છે અને ૨૬થી ૩૦ જાન્યુઆરી દરમિયાન મુંબઈ-સૌરાષ્ટ્ર વચ્ચે રણજી ફાઇનલ હોવાથી તે ત્રીજી ફેબ્રુ.ના રોજ ઉપસ્થિત રહેશે. સચિન એ જ દિવસે કેન્સવિલ ક્લબ પાસે આવેલા પોતાનાં ઘરનું ખાતમુહૂર્ત કરશે.